Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# સ્વામી વિવેકાનંદનું અમેરિકાગમન

**Pritiben S. Patel**
Ph.D. Scholar (Department of History)
Hemchandracharya North Gujarat
University, Patan
Email ID : pritimahipatel231@gmail.com

**સારાંશ :**

ભારતીય યુવાઓ પર સ્વામી વિવેકાનંદના વિચારોનો ઊંડો પ્રભાવ રહયો છે. તેમના વિચારો અને ઉપદેશો સમગ્ર વિશ્વમાં પ્રસર્યા છે. યુરોપ અને અમેરિકામાં તેમને વેદાંત અને યોગના જન્મદાતા ગણવામાં આવે છે. ૧૯ મી સદીના અંતે હિન્દુધર્મને વિશ્વકક્ષાએ માન્યતા આપવાનો શ્રેય તેમને ફાળે જાય છે. અમેરિકાના ‘‘ભાઈઓ અને બહેનો’’ સંબોધન સાથેના તેમના પ્રવચનથી તેઓ વધુ જાણીતા બન્યા છે. પ્રસ્તુત સંશોધનમાં અમેરિકાગમન પાછળનો તેમનો ઉદેશ્ય વેદાંતનો પ્રચાર અને પ્રસાર કરવા કરતાં પણ દલિત દેશબંધુઓ માટે મદદ મેળવવાનો હતો. જેની માહિતી અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરેલ છે.

અમીબા જેવા એકકોષી જીવથી માંડીને મુકત પુરૂષ સુધીની જીવનની અખંડ યાત્રામાં કેટલાય વર્ષો પુરા થઈ જાય છે પરંતુ સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરૂષોની સંખ્યા વિશ્વના તમામ દેશો કરતાં પણ પુણ્યભુમિ ભારતમાં સૌથી વધુ છે. ભારતમાં રત્નોની ઝળહળતી માળાનું એક જયોતિર્મય રત્ન એ સ્વામી વિવેકાનંદ છે. પુનરૂત્થાનના પંથે પ્રયાણ કરતાં ભારતને શકિત અને સાર્મથ્યનો સંદેશો આપનાર મહર્ષિ સ્વામી વિવેકાનંદના આદર્શો, નૈતિકતા અને આધ્યાત્મિકતા એ આપણા દેશની સર્વાંગી પ્રગતિ બનશે. તેથી જવાહરલાલ નહેરૂએ કહયું છે કે ભૂતકાળની સંસ્કૃતિ ઉપર ઉભેલા અને ભારતીય પરંપરાના વારસા માટે મશહુર હોવાછતાં જીવનના પ્રશ્નો પરત્વેની દ્દષ્ટિમાં વિવેકાનંદ આધુનિક હતા.

યુગપુરૂષ સ્વામી વિવેકાનંદે દેશવાસીઓને નિર્ભયતાનો જીવનમંત્ર આપ્યો છે. દેશપ્રેમ એમના શ્વાસોશ્વાસમાં હતો. યુગાચાર્ય સ્વામી વિવેકાનંદના પ્રાણવાન જીવન અને કથન યુગો પર્યાંત દરેક માનવ માટે રાહબર છે. આજના સ્વાધીન ભારતમાં તેમજ સમગ્ર માનવજીવનના પ્રાણપ્રશ્નના ઉકેલ સ્વામીજીના જીવન અને સાહિત્યમાંથી મળે છે.

પ્રવર્તમાન યુગમાં સ્વામી વિવેકાનંદ એવા વ્યકિતઓમાં એક પ્રથમ વ્યકિત હતા, જેમણે ઋષિઓના વિવેકવિચારને પુનઃ આચરણ કરવા પર ભાર મૂકયો.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

**વિવેકાનંદનો જન્મ, બાળપણ અને પરિચય :**

આધુનિક ભારતના મહાન ચિંતક, મહાન દેશભકત, દાર્શનિક, યુવા સંન્યાસી યુવાઓ માટે પ્રેરણાના સ્ત્રોત હતા. સ્વામી વિવેકાનંદ શબ્દ મૂળ બે શબ્દોથી બનેલો છે. વિવેકનો અર્થ થાય છે બુદ્ધિ જયારે આનંદનો અર્થ થાય છે ખુશી. સ્વામી વિવેકાનંદનો જન્મ કલકત્તાના સીમલા નામના પરામાં રહેતા સુપ્રસિદ્ધ દત્ત કુટુંબમાં સંવત ૧૯૧૯નો પોષ વદ ૭ (સાતમ)ને સોમવારે સને ૧૮૬૩ના જાન્યુઆરી ૧૨મી તારીખે સૂર્યોદય થવામાં હજી છ મિનિટની વાર હતી ત્યારે આ મહાપુરૂષનો જન્મ થયો હતો. તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેમના પિતા વિશ્વનાથ દત્ત કલકત્તાના હાઈકોર્ટમાં એક પ્રસિદ્ધ વકીલ હતા. વિશ્વનાથ દત્ત પશ્ચિમી સભ્યતામાં માનતા હતા. તેઓ તેમના પુત્ર નરેન્દ્રને પણ અંગ્રેજી ભણાવીને પશ્ચિમી સભ્યતા પર ચલાવવા માંગતા હતા પરંતુ એમની માતા ભુવનેશ્વરી દેવી ધાર્મિક વિચારોમાં માનતા હતા.

નરેન્દ્રની બુદ્ધિ બાળપણથી જ તીવ્ર હતી તેમને પરમાત્માને પામવાની લાલસા પ્રબળ હતી. વિશ્વ કવિ રવિન્દ્રનાથ ઠાકુરે કહ્યું હતું કે ‘‘ભારતને જાણવું હોય તો વિવેકાનંદને જાણજો.’’ સ્વામી વિવેકાનંદ ભારતીય સંસ્કાર તેમજ હિન્દુ ધર્મ પ્રચારક અને પ્રસારક રૂપમાં ઓળખાય છે.

છ વર્ષની ઉંમરે નરેન્દ્રને એક પાઠશાળામાં મોકલવામાં આવ્યા. એકદિવસ તેઓ એક અપશબ્દ બોલ્યા તેથી તેમની માતાને લાગ્યું કે પાઠશાળામાં વિદ્યાર્થીઓ ખરાબ રીતભાતનું અનુકરણ કરે છે, તેથી તેમને ઉઠાડી મૂકવામાં આવ્યા તેથી ઘરે એક જ શિક્ષક તેમને ભણાવવા આવતા. થોડા સમયમાં જ નરેન્દ્રની અદ્ભૂત પ્રતિભાનો ખ્યાલ આવ્યો તેમણે સંસ્કૃત, વ્યાકરણ, રામાયણ, મહાભારત કેટલાય ગ્રંથો કંઠસ્થ કરી લીધા. નરેન્દ્ર નાની ઉંમરે જ સ્વતંત્ર વિચારો અને શંકાઓ વ્યકત કરતો તેમના પિતાની ઓફિસમાં અનેક લોકો જુદી જુદી જ્ઞાતિના આવતા તેમની ચૂંગી (હોકા પીવાનું યંત્ર) અલગ અલગ રાખવામાં આવતી તેથી નરેન્દ્ર વિચારતો કે આવા ભેદભાવો કેમ રાખવામાં આવે છે, તેથી તેમણે એકદિવસ બધી ચૂંગીમાંથી દમ ખેંચી જોયો તેથી તેમને ઠપકો આપવામાં આવતા એમણે કહ્યું શો ભેદ છે, એ જ મને સમજાતું નથી.

નરેન્દ્ર ખૂબ ચંચળ અને શરારતી બાળક હતા. તેઓ ભણવામાં અને રમતમાં બંનેમાં હોંશિયાર હતા. તેમણે વાદ્ય અને ગાવાનું શિક્ષણ લીધું હતું. નાનપણથી જ નરેન્દ્ર જાતિ અને ધર્મ પર આધારિત અંધવિશ્વાસ અને ભેદભાવના પ્રશ્નો ઉઠાવતા હતા. નાનપણથી જ તેમના મનમાં સંન્યાસીઓ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા અને આદરભાવ હતો. તેઓ નાનપણથી જ ત્યાગ અને બલિદાનના પ્રતિક હતા. દયાભાવના અને સ્વાભાવિક નેતૃત્વ જેવા મહાન ગુણો નાની ઉંમરમાં જ તેમનામાં હતા. સન્ ૧૮૭૯માં દસમુ ધોરણ કર્યા પછી નરેન્દ્ર એ કલકત્તાની પ્રેસિડેંસી કોલેજમાં પ્રવેશ લીધો. ૧૮૮૦માં તેમણે

કલકત્તામાં જ સ્કોટીશ ચર્ચ કોલેજમાં દર્શનશાસ્ત્રનું અધ્યયન કર્યુ. આજ કોલેજમાં તેમણે પશ્ચિમી વિચારધારા, પશ્ચિમી દર્શનશાસ્ત્ર અને યુરોપીય દેશોનો ઈતિહાસ વાંચ્યો. ઉચ્ચ શિક્ષણની સાથે–સાથે તેમની વિચારધારાઓ પણ મજબુત થવા લાગી. તેમના મનમાં ઈશ્વર પ્રત્યે શંકાઓ થવા લાગી.

સમય જતાં તેઓ બ્રહ્મસમાજ સાથે જોડાયા, જે કેશવચંદ્ર સેનના નેતૃત્વમાં એ સમયની મહત્વની લહેર હતી. નાની ઉમરમાં જ તેમને આધ્યાત્મિક અનુભવ થવા લાગ્યા. આ અરસામાં જ તેઓ રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા. નરેન્દ્ર એ રામકૃષ્ણને પોતાના ગુરૂ તરીકે સ્વીકાર્યા અને તેમના માર્ગદર્શનમાં પાંચ વર્ષ સુધી અદ્વૈત–વેદાંત દર્શનનું પ્રશિક્ષણ લીધું. શ્રી રામકૃષ્ણ પોતાના પ્રિય શિષ્યમાં સૂતેલી આધ્યાત્મિક ચેતનાને જગાડવામાં સફળ થવા નરેન્દ્રને ઝડપથી ચેતના અને ગંભીર અવસ્થાનો અનુભવ થયો. રામકૃષ્ણ બિમાર પડતાં ખબર પડીને તેમને ગળાનું કેન્સર હતું. સપ્ટેમ્બર ૧૮૮૫માં શ્રી રામકૃષ્ણને શ્યામપુરમાં એક ઘરમાં લઈ જવામાં આવ્યા અને તેમના યુવા શિષ્યોએ તેમની તન–મન–ધનથી સેવા કરી અને ઈ.સ. ૧૮૮૬માં શ્રી રામકૃષ્ણનું અવસાન થયું અને નરેન્દ્રને તેમના વારસદાર જાહેર કરવામાં આવ્યા.

### વિવેકાનંદનું અમેરિકાગમન :

અમેરિકાગમન પાછળ વિવેકાનંદનો ઉદ્દેશ્ય વેદાંતનો પ્રચાર પ્રસાર કરવા કરતાં પણ ભારત વર્ષના દીન દલિત દેશબંધુઓ માટે મદદ મેળવવાનો હતો. વિશ્વધર્મ પરિષદને સંબોધી તે પૂર્વેના તા. ૨૦–૦૮–૧૮૯૩ના એક પત્રમાં એમણે લખેલું કે "ભારતવર્ષના ઉધ્ધાર માટે સહાયની શોધમાં લોહી નીકળતા હૃદયે અડધી દુનિયા ઓળંગીને હું આ અજાણી ભૂમિમાં આવ્યો છું.

### અમેરિકાના આરંભના દિવસો :

વિસ્તાર પામેલું મહાનગર શિકાગો વિશાળ સાગર સમણા મિશિગન સરોવરને કાંઠે રહેલું છે. વિશ્વમેળાને કારણે ત્યાં વિરાટ સંખ્યામાં લોકો ભેગા થયેલા છે, સ્વામીજી જયારે ત્યા પહોંચ્યા ત્યારે વિવિધ દિશાઓ દેશોથી આવેલા સ્ત્રી પુરૂષે રસ્તે ભીડ જમાવતાં હરી ફરી રહયા હતાં પણ એમાંના એક પણ જણાનો ચહેરો સ્વામીજીને પરિચિત નહોતો. અજાણ્યા શહેરમાં પોતાના સરસામાનને કારણે તેઓ પરેશાન હતા. કયાં જવું, શું કરવું, કશું પણ નક્કી નહોતું. બીજી બાજુ મજાની તક હાથમાં આવેલી છે એમ જાણીને સહુ એમને છેતરી રહ્યા હતા. કુલીઓ સુધ્ધાં વ્યાજબી મહેનતાણાં કરતાં ચાર ગણી રકમ વસુલ કરતાં હતા અને વળી આવો અજબ ગજબનો પોશાક પહેરેલા વિચિત્ર દેખાતાં માણસને જોઈને કોઈ વળી હાથેથી તાળી બજાવતું, તોફાની છોકરાઓનું ટોળું પીછો કરીને જાતજાતની રીતે હેરાન કરતું રહેતું. એક તો ખાધા પીધા વિના અને ઠંડીથી તેઓ સાવ નબળા પડી ગયેલા અને એના ઉપર વળી આવો અત્યાચાર, છેવટે

એમણે એકાદી હોટલનો આશરો લેવો જ ઠીક છે એમ એમને લાગ્યું અને હોટલવાળાને પણ સમજાવ્યું કે એમ કર્યા વિના છૂટકો નથી. એ પણ સમજયા કે વાત તો ખરી છે. જો કે હોટલનો ખર્ચો પણ ઘણો બધો.

શિકાગોમાં તેઓ લગભગ બાર દિવસ રોકાવાના હતા. શહેરમાં પહોંચતા બીજા જ દિવસથી તેઓ ફરી ફરીને વિશ્વ મેળા જોવા માંડયા. દુનિયાના અનેક જુદા જુદા દેશોનું શિલ્પ સર્જન અને કળાકૌશલ અહી એકત્ર થઈને જાણે કે દર્શકોની નજરે ચડયા અને પ્રશંસા પામવા હરિફાઈ કરી રહ્યું હતું. મેળાના તમામ સ્થાનો એમણે જોયા, મસમોટા મશીનોથી માંડીને તે કલા કારીગરીથી ભરપૂર શોખની ચીજો સુધીની તમામ ચીજોએ એમને વિસ્મય તો પમાડયા, પણ આ તમામ માધ્યમો દ્વારા માનવ આત્માના જે અપાર ઉદ્યમે અને કલ્પના શકિતએ પોતાને પ્રગટ કરેલા છે તેણે જ એમને વધારે મુગ્ધ કરેલા છે. તે છતાં આવા હલ્લા ગુલ્લાભર્યા વાતાવરણની વચ્ચે પણ પોતે તો હતા. સાથસંગાથી વિનાના, એકલા એકલા આખોય દિવસ મરજી પડે તેમ કરતાં, બીજે દહાડે વળી પાછું જોવાનું શરૂ થતું. કેવી તો એશ્રય ની બોલબોલા અને કેવો તો નખશીખ બંદોબસ્ત. તેઓ બધુય જોતા અને બધામાંથી શીખતા.

પરંતુ સ્વામીજીના વ્યકિતત્વમાં એક એવી કાંઈક આકર્ષણ કરનારી ચીજ હતી કે, તેઓ કયાંય પણ લાંબા વખત સુધી અજાણ્યા રહી શકતા નહીં. વિશ્વમેળામાં પણ ધીમે ધીમે કરતાં લોકો એમના પ્રત્યે આકર્ષાવા માંડયા.

**વિવેકાનંદનો અમેરિકામાં લોકો પ્રત્યેનો પ્રેમ :**

સ્વામીજી હાસ્યપ્રેમી હતા. અમેરિકાના લોકો પ્રત્યે કેવી રીતે તેઓ દિલમાં સ્થાન મેળવતા હતા. તેમના વિશે જાણીશું. સ્વામીએ રમૂજભરી પરિસ્થિતિઓનો ખૂબ આનંદ માણતા અને તેમાં સાથ આપતા પછી ભલે એને લઈને કોઈ કોઈવખત મુશ્કેલીઓમાં મુકાઈ જવું પડે. અમેરિકામાં એક ચિત્રકાર દંપતિ રહેતું હતું. તેઓ બંને ખૂબ આનંદપૂર્વક ફર્યા કરતા. બંનેમાં કોણ વધારે ઝડપથી અને વધારે સારૂ ચિત્ર બનાવે તેની હરિફાઈ ચાલ્યા કરતી એકવાર તેઓ સ્વામીજી પ્રત્યે આકર્ષાયા.

આમ સ્વામીજી કોઈપણ હાસ્ય પ્રસંગમાં પૂરેપૂરો ભાગ લેતા.

અમેરિકાની વયોવૃદ્ધ મહિલાઓ સમક્ષ પણ સ્વામીજી મહારાજ બાલસહજ વર્તન કરતાં હતાં. તેઓ એમના માટે 'મા' સમાન હતા. શ્રીમતી લંગટે કહયું.......

''મારા પૂરા જીવનમાં મને ફકત બે જ એવા વિશ્વવિખ્યાત મનુષ્યોના દર્શન થયા છે કે જેમની સમક્ષ મનુષ્ય પોતાના સ્વાભિમાનને જરા પણ ગુમાવ્યા વિના પૂરી સ્વતંત્રતાથી હલન ચલન કરી શકે. એમાંના એક હતા જર્મન સમ્રાટ કૈસર વિલીયમ અને બીજા સ્વામી વિવેકાનંદ''

એમના હાથ હંમેશા બીજાના કલ્યાણ માટે જ લંબાયેલા રહેતા. એમની વાણી ભગવાનના જયગાનથી જ ગૂંજતી રહેતી હતી. તેમનું હૃદય રાતદિવસ બીજાઓના દુ:ખોથી દુ:ખી રહેતું હતું. તેઓ હંમેશા કહેતા કે– "હું સમસ્ત અમેરિકનોને પ્રેમ કરૂં. અમેરિકાના લોકોને એક એવી વ્યકિત જોવા મળી કે જે હંમેશા ભગવદભાવમાં વિભોર રહેતી હતી. ભગવાન જેનો હાથ પકડીને ચલાવતા હતા તો પણ જગતને આપવા માટે તેમની પાસે પૂરતી સંપતિ હતી, અને તેઓએ તેનું મુકત રીતે વિતરણ પણ કર્યુ હતું.

**અમેરિકામાં પુનરાગમન :**

સ્વામી વિવેકાનંદ ઈંગલેન્ડમાં હતા તે દરમિયાન અમેરિકામાં વેદાંત પ્રસારનું કાર્ય સુપેરે ચાલી રહ્યું હતું. તેમના અમેરિકન શિષ્યો સ્વામી કૃપાનંદ (મિ.લિયોન લેન્ડઝબર્ગ), સ્વામી અભિયાનંદ (માદામ મેરી લાઉઝે) અને મિસ એસ.ઈ.વાલ્ડો મુખ્યત્વે રાજ યોગનાં બંને પાસાં–સૈદ્ધાંતિક અને વ્યવહારિક સમજ આપતાં તેમના વર્ગોમાં ઉપસ્થિત સારા પ્રમાણમાં રહેતી.

૬ ડિસેમ્બર વિવેકાનંદ સારી તંદુરસ્તી પ્રાપ્ત કરીને ન્યૂયોર્ક પાછા ફર્યા, ન્યૂર્યોકમાં શેરી નં. ૩૯માં તેમનું મુખ્ય મથક સ્થપાયું.

ઈંગલેન્ડના મિત્રો અને શિષ્યો વિવેકાનંદને વારંવાર બોલાવવા લાગ્યા તેથી તેમણે ન્યૂર્યોકનું કાર્ય આટોપવા માંડયું. અલબત્ત પોતાની અનુપસ્થિતિમાં સફળ રીતે કાર્ય ચાલતું રહે એ માટે એમણે ઉચિત પ્રબંધ કર્યો. વર્ગમાં રાજ યોગ શીખવવા માટે સ્વામીજીએ ભગીની હરિદાસી (મીસ એસ.ઈ.વાલ્ડો)ને પસંદ કર્યા. સ્વામી કૃપાનંદ, અભયાનંદ, યોગાનંદ તથા અન્ય બ્રહ્મચારી શિષ્યોને વેદાંતની ત્રણેય શાખાઓનું જ્ઞાન આપ્યું. ત્યારબાદ તેઓ ૧૮૯૬ની ૧૫મી એપ્રિલે ન્યૂર્યોકથી ઈંગલેન્ડ જવા રવાના થયા.

વિવેકાનંદના વિરોધીઓ પ્રચાર કરતા કે એમણે અમેરિકન સ્ત્રીઓને ઉતારી પાડી છે, પણ વાસ્તવમાં એવું ન હતું. એમના અનેક પાત્રો દર્શાવે છે, તે પ્રમાણે તેમને અમેરિકન સ્ત્રીઓ તરફ ખૂબ માન હતું. બોસ્ટનમાં ૧૮૯૪ના અંત ભાગમાં તેમણે 'ભારતીય સ્ત્રીઓના આદર્શો' વિષય પર વ્યાખ્યાન આપેલું. પ્રતિષ્ઠિત સ્ત્રીઓની એ સભા એમના એ પ્રેરક પ્રવચનથી પ્રભાવિત થઈ અને મહાન પુત્રને જન્મ આપનાર માતાને એમણે ધન્યવાદ આપ્યા.

વિવેકાનંદે અનેક અમેરિકનોના જીવનમાં આમૂલ પરિવર્તનો આણ્યાં. સેકંડો મનુષ્યોની વચ્ચે તેઓ પોતાના અનોખા વ્યકિતત્વ જુદા તરી આવતા.

લગભગ અઢી વર્ષ સુધી અમેરિકાની ધરતી પર સ્વામી વિવેકાનંદ પૂર્વમાંથી આવેલા મહાન પ્રકાશરૂપે બિરાજયા અને ભૌતિકવાદ પાછળ અંધ બનેલી પ્રજાને આંતરિક ઉન્નતિનો પથ દર્શાવ્યો. અમેરિકન સમાજ અને જીવન પર અમીટ અસર છોડીને સ્વામીજીએ ૧૮૯૬ની ૧૫મી એપ્રિલે ન્યૂર્યોક છોડયું.

વિવેકાનંદના કેટલાક દિવસો અદ્વૈતઆશ્રમ માયાવતી ખાતે અને બેલુરમઠમાં વિતાવ્યા. ત્યારથી માંડીને છેવટ સુધી બેલુરમઠમાં રોકાયા અને રામકૃષ્ણ મિશન મઠની ઈંગલેન્ડ અને અમેરિકાની કામગીરી વિશે માર્ગદર્શન આપતા રહ્યા. આ વર્ષો દરમિયાન હજારો મુલાકાતીઓના મન મેળવતા.

તેમના પ્રવાસો સળંગ વકતવ્યો અંગત ચર્ચાઓ અને વાતચીતોએ સ્વાસ્થ્યનો ભોગ લીધો. તેઓ અસ્થમા, ડાયાબીટીસ અને અન્ય શારીરિક બિમારીઓથી પીડાતા હતા. થોડા સમય બાદ પંચાગનો અભ્યાસ કર્યો હતો. અવસાનના ત્રણ દિવસ પહેલાં તેમણે અંતિમ ક્રિયાનું સ્થળ જણાવ્યું હતું અને આ સ્થળે આજે તેમની યાદમાં બનાવેલ મંદિર ઉભુ છે. અવસાનના દિવસે સવારમાં તેમણે બેલુરમઠ ખાતે કેટલાંક વિદ્યાર્થીઓને શુકલ યજુર્વેદ ભણાવ્યા હતા. જુલાઈ ૧૯૦૨ના રોજ નવ વાગ્યે ને ૧૦ મિનિટે તેમનું અવસાન થયું હતું.

## સંદર્ભસૂચિ

1. પ્રસાદ બ્રહ્મભટ્ટ ''સ્વામી વિવેકાનંદ'' પ્રથમ આવૃત્તિ ૧૯૫૫, ગુર્જરગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ–૨૫.
2. દેસાઈ જિતેન્દ્ર ઠાકોરભાઈ ''સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર'' પાંચમુ સંસ્કરણ ૧૯૮૯, સ્વામી મુમુક્ષાનંદ નવજીવન મુદ્રણાલય, અમદાવાદ પૃ–૧૧.
3. ભીડે નિવેદીતા રઘુનાથ ''ભારત જાગો વિશ્વ જગાઓ'' વિવેકાનંદ કેન્દ્ર ગુજરાતી પ્રકાશન વિભાગ, બોડકદેવ અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ડિસેમ્બર–૨૦૧૨, પૃ–૨૦.
4. સ્વામી ગભીરાનંદ ''યુગનાયક વિવેકાનંદ'' ભાગ–૧ પ્રથમ દ્વિતીય સંસ્કરણ, ૨૦૦૯–૧૦ સ્વામી સ્વર્ગથાનંદ, રાજકોટ, પૃ.૪૭.
5. શેખર હિમાશું, ''સ્વામી વિવેકાનંદના સપનાઓનું ભારત'' ડાયમંડ પોકેટ બુકસ પ્રા.લિ., ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેજ–(૫૫) નવી દિલ્લી, સંસ્કરણ–૨૦૧૩, પૃ–૧૧–૧૩.
6. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ઉપરોકત પૃ–૧૨૯.
7. સ્વામી ગભીરાનંદ ઉપરોકત, પૃ–૬૨–૬૩
8. શ્રી રામકૃષ્ણ આશ્રમ, સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા ભાગ–૩, શિવકૃપા ઓફસેટ, અમદાવાદ, પૃ–૮૧–૮૩.
9. શ્રી રામકૃષ્ણ આશ્રમ, પૃ–૪૫૮–૪૫૯